પસાર કીધો હતો છતાં એ હકીકતને અમારા ભાઇબંધ પત્રે તીલાંજલી આપી છે અને જણાવે છે કે "સંભવીત છે કે ગઈ કાલની મીટીંગ આ અનીયમ કેળવનારાં તત્વોને ટેકો આપવા મળી હતી અને એમ હોવાથી અમે સ્પષ્ટપણે કહીશું કે અમે દીલગીર છીએ." આમ કહી 'નાટાલ એડવરટાઇઝર' એવું બતાવવાનો પ્રયાસ કરે છે કે આપણે જાન માલનો નાશ કરનારાઓનેજ ટેકો આપવા બહાર પડયા છીએ. અમારે જણાવવું જોઇએ કે પોતાની સમક્ષ ખરી હકીકતો રજુ થવા છતાં 'એડવરટાઇઝર' આવી વલણ લે છે એ તેનો કેવળ એકજ ઉદેશ બતાવે છે અને તે તેનો છાપો વાંચનારી જાહેર પ્રજા અને ખાસ કરીને અંગ્રેજ પ્રજાને ઉંધે રસ્તે દોરવાનોજ હોઈ શકે એમ અમને લાગે છે. વળી આગળ ચાલતાં એ પત્ર જણાવે છે કે "એક તરફથી દક્ષીણ આફ્રિકાની ફ્રેન્ચાઇઝના હકોની માગણી કરનારા ઠરાવો પસાર કરવા અને બીજેજ શ્વાસે અન્ય દેશોમાં કાયદાની સામે થવાની હીલચાલ કરનારા લોકોને ઉત્તેજન આપવું એ નીરઅરથક છે!"— આનો અરથ એ થયો કે આપણા ભાઇઓ કે જે, પોતાની સામે, આખા દેશના વિરોધને પણ નહીં ગણકારી પોતાનું ધારયું કરવાની સતા ધરાવનારી સરકારે ઠોકી બેસાડેલા એક જુલમી અને અન્યાયી કાયદાની સામે પોકાર ઉઠાવી રહ્યા છે, તેઓને આપણે ટેકો આપીએ છીએ તેથી દક્ષીણ આફ્રીકામાં આપણને લાગુ પડનારા કાયદાઓ બનાવવામાં આપણો હાથ હોવાની માગણી કરવાનો આપણને હક નથી! હીંદમાં જે ચળવળ—જુવામરદીનું પ્રદરશન કરનારી નહીં પરતુ જે નીતી અને ધરમના ધોરણ ઉપર ચાલી રહી છે એ—ઉપરથીએક સાધારણ બુદ્ધિનો માણસ પણ એટલું તો સમજી શકે કે સઘળા દેશોનું બંધારણ એવું હોવું જોઇએ કે જેથી સઘળા લાયક માણસોને મતાધિકાર આપવામાં આવે અને નહીં કે કેવળ ચુંટી કાઢેલાં જુજનેજ. 'એડવરટાઇઝર' અને દક્ષીણ આફ્રીકાના અન્ય છાપાઓ કે જે બોલ્શેવીઝમ અને જરમન અસરની વાતો કરે છે તેઓ શું એવી બેવકુફીભરેલી વાતોથી જનસમાજની આંખમાં ધુળ નાખવા ઇચ્છે છે? શું તેઓ એ જાણતા નથી કે રોલેટ બીલ પસાર થવા સામે ધારાસભાના સઘળા લોકનીયુક્ત સભ્યોએ સખત વાંધો ઉઠાવ્યો હતો, જો કે સરકારી સભ્યોની આગળ તેઓનો મત ટકી શકયો નહોતો? વળી કાયદો પસાર નહીં કરવાની સરકારને આજીજી કરનારી સભાઓ દેશના સઘળા ભાગોમાં ભરાઇ હતી એ વાતથી શું તેઓ અણુજાણ્યા છે? મારામારીના ખબરો જોકે ખેદજનક છે છતાં એટલું તો સહુ કોઇ જાણે છે કે એ રહીને સત્યાગ્રહી ગ્રહણ કરતોજ નથી. જ્યાં જાહેર ખળભળાટ મચી રહયો હોય છે તેવી જગ્યાએ અજાણી લુલડખોર તો હમેશાં મળીજ આવે છે. શું અમારા ભાઇબંધ પત્રો એવું માને છે કે આવી મારામારીઓ કદાચ થવા પામે તેથી પ્રમાણીકપણે વાંધો ઉઠાવનારે મુંગા બેસી રહી અપમાને અને નામોશી સહન કરી લેવાં જો એ? હીંદી કોમ એથી ઉલટો મત ધરાવે છે. હીંદીઓએ ઉઠાવેલા વાંધાનું ખરૂં કારણ શું છે તેનો જો અમારા ભાઇબંધ પત્રો પ્રથમ અભ્યાસ કરવાનું ડહાપણ વાપરશે તો અમને ખાત્રી છે કે તેઓ લોકમતને જેટલો હમણા કેળવી શકે છે તે કરતાં વધારે સારી રીતે કેળવી સકશે.

## ડરબનમાં મળેલી ગંજાવર મીટીંગ

### હીંદની સરકારના જુલમી પગલાં સામે નાટાલના હીંદીઓનો પોકાર

યુનીયનમાં થતા ગેરઇન્સાફ સામે પ્રોટેસ્ટના ઠરાવો.

ગયા રવીવારે ડરબનમાં વીક્ટોરીયા સ્ટ્રીટ વાળા સવત હોલમ હીંદમાં આપણા ભાઈઓ ઉપર પડતા જુલમ સામે પોકાર ઉઠાવવા અને તેઓની તરફ હિલસોજીની લાગણી દરશાવવા હીંદીઓની એક ગંજાવર મીટીંગ મળી હતી જે વખતે ઘણીજ ટુંક મુદતની ખબર અપાયા છતાં હોલ ચીકાર ભરાઇ ગયો હતો. લોકોની હાજરી લગભગ બેનુ હજારથી ઉપરની હતી. મીટીંગમાં છેવટ સુધી ઘણોજ ઉત્સાહ વર્તી રહયો હતો. વળી ડરબનના આપણા મુરબ્બી અને જાણીતા સત્યાગ્રહી મી. પારસી રૂસ્તમજી કે જેઓએ કોમને ખાતર ૧૮ માસની જેલ ભોગવી હતી તેઓએ મીટીંગનું પ્રમુખસ્થાન લેવાનું કબુલ કરી મીટીંગની શોભામાં ઘણોજ વધારો કીધો હતો. હાજર થએલા જાણીતા ગ્રહસ્થોમાં મેસરસ એ. એચ. મુસા, રૂકનુદીન, એમ. બી. મહારાજ, મહમદ ઇબ્રાહીમ, જી. એ. ગમીટ (કેપટાઉન), જેક મુડલે, એ. એચ. વેસ્ટ, બી. એલ. ઇ. સીગામણી, આર. લગનબરથી, એ. ડી. પીલે, શેખ હીમેદ, એસ. એસ. આમદ, વી. ડી. મહેતા, સામજી દેવશી, વસનજી દેવશી, એમ. સી. આંગલીયા, સોરાબજી રૂસ્તમજી, જી. ડી. લાલા, સી. ટી. પુનાતર, એલ. પાંડે, એસ. પી. બટલર, ગુલાબ સીંગ, બી. એચ. કાઝી, આર. ભગવાન, વી. લોરેન્સ, એમ. એ. મોટાલા, સી. વી. પીલે, આર. જી. લાલા, બી. એ. મેઘરાજ, અંબારામ મહારાજ, એચ. આઈ. જોશી, એમ. બી. નાયક, મુણીલાલ ગાંધી, એલ. ગેબ્રીયલ, એ. ક્રિસ્ટોફર વિગેરે હતા.

ટેકો આપનારા સંદેશાઓ

જોહાનીસબરગથી ટરાં. બ્રિ. ઇન્ડિયન એસોસીએશન, ક્રીનીખન, મેરીટઝબરગ, ટોંગાટ, વેરૂલમ, વિગેરે જુદા જુદા સ્થળોએથી મીટીંગને ટેકો આપનારા અને દિલસોજીના તારો મોકલવામાં આવ્યા હતા જે મીટીંગ સમક્ષ વાંચી સંભળાવવામાં આવ્યા હતા.

શરૂઆતમાં મી. શેખ મહેતાબના આંધળા શિષ્યે હીંદના દુખોનું હૃદયને પીગળાવનારૂં કાવ્ય ગાઈ સંભળાવ્યું હતું. (જે અન્ય સ્થળે છાપવામાં આવ્યું છે). તે પછી પ્રમુખ સાહેબનું ભાષણ અંગ્રેજીમાં વાંચવામાં આવ્યું હતું જે નીચે પ્રમાણે હતું:—

પ્રમુખનું ભાષણ

સ્વદેશી બંધુઓ.—આજે આપણે અત્રે ભેળા થવાનું કારણ એ છે કે આપણા માતૃભુમીથી આવેલા કેટલાક શોકજનક ખબરો અત્રેના છાપાઓ મારફતે આપણા જાણવામાં આવ્યા છે અને એ ખબરો આપણા દેશી છાપાઓ પરથી આપણે વધારે સ્પષ્ટપણે જાણી શકયા છીએ. એ ખબરો પરથી એવું જણાય છે કે હીંદમાં આપણા ભાઈઓ ઉપર બે જુલમી કાયદાઓ જબરદસ્તીથી નાખવામાં આવ્યા છે. એ કાયદાઓ રોલેટ બીલોના નામથી ઓળખાય છે અને આપણા ભાઈઓએ તેને વાસ્તવીક રીતે "કાળા કાયદા"નું નામ આપેલું છે. તેમાંનો એક કાયદાને ક્રીમીનલ લૉ એમેન્ડમેન્ટ બીલ અને બીજાને ક્રીમીનલ લૉ ઇમરજન્સી પાવરસ એક્ટનું નામ આપવામાં આવ્યું છે. હવે હીંદની સરકાર એવી દલીલ કરે છે કે આ કાયદાઓ રાજ્ય માંહી બંડ કરનારી અને ફીતુરી હિલચાલોને દબાવી દેવાને માટે જરૂરના છે અને કોઈ પણ પ્રકારની રાજ્યદ્વારી હિલચાલોને અટકાવવાનો તેનો હેતુ નથી. અલબત અજાયબી પમાડનારી બાબત તો એ છે કે હીંદીઓના જાહેર મત અને વાઈસરોયની ધારાસભાના બીનસરકારી હીંદી સભ્યોના અલબત સખત અને એકમતી વિરોધનો પણ ખ્યાલ કીધા વગર ઉપલા બેમાંનો એક કાયદો સરકારે પસાર કરી લીધો છે. રોલેટ કમીશને આ કાયદાઓને માટે પોતાની ભલામણોને જે આધારે વાજબી ગણી છે એજ આધાર હીંદીઓના અને ન્યાય

ની રીતે વિચાર કરનારાઓના મત પ્રમાણે ગેરવાજબી ગણવામાં આવ્યાં છે. મી. ગાંધીએ પોતાના જાહેરનામામાં એવું જણાવ્યું છે કે, "એ રીપોર્ટ ઉપરથી હું તો સ્પષ્ટ રીતે એજ નિરણય આપું કે છુપી ખુનામરકી રૂપી રોગ હીંદુસ્તાનમાં સંકુચિત ક્ષેત્રોમાં અને છુટા છવાયા અને બહુ થોડા લોકોમાં સુક્ષ્મ રૂપમાં ફેલાયલો છે. આવા લોકોની હસ્તી સામ્રાજ્યને સારૂ જરૂર ભયંકર છે. પણ આ જોખમ કરતાં વધારે ભયંકર તો આ બીલો છે. જે આખા હીંદુસ્તાનને લાગુ પાડવા ધારેલાં છે, અને જે, જે સ્થિતિ નખથી સુધરી શકે તે સ્થિતિ સુધારવાને સરકારના હાથમાં કુહાડો આપનારાં છે. વળી કમિટીએ એક અઐતિહાસિક બીનાનું કેવળ દુર્લક્ષ કર્યું છે, અને તે એ છે કે હીંદુસ્તાનના કરોડો લોકો તો પોતાના હૃદયની કોમળતાને સારૂ પૃથ્વીમાં પંકાયલા છે." તમો જાણો છો કે જે કાયદો સત્તાધિકારીઓની મુનસફીમાં આવે તેમ સામાન્ય રીતે વાપરી શકાય તેમ હોય તે કાયદો કોઈ પણ બ્હાને કોઈ પણ માણસની ઉપર વાપરી શકાય છે. જેઓએ આ "કાળા બીલો"ની વીગતો વાંચેલી છે તેઓ એ બીલો સત્તાધીશોને કેવી અસાધારણ અને ભયંકર ભરેલી સત્તાઓ આપનારાં છે એ સ્પષ્ટ રીતે સમજી શક્યા હશે અને ન્યાયના મુળ સિધ્ધાંતોનું ખુન એ બીલો ખંડન કરનારા છે એ એક હકીકતજ હશે. એ બીલોથી અધિકારીઓને આપણા ભાઈઓને માત્ર શકથીજ પકડવાની અને તેઓની બોલવાની તેમજ હિલચાલની સ્વતંત્રતામાં વિઘ્ન નાખનારા ગમે તેવા હુકમો કરવાની અધિકારીઓને સત્તા મળે છે વળી તેઓની આમમીક તપાસ નહીં થતાં પણ જડજોની કોરટ સમક્ષજ તેઓને ખડા કરી દેવામાં આવશે અને તેઓના ચુકાદાની સામે અપીલ થઈ શકશે નહીં. વકીલાતની મદદ લેવાની કે પોતાના તરફથી વકીલને હાજર કરવાની તેઓને સત્તા રહેશે નહીં! વળી આરોપીની તપાસ પુરી થયાં પહેલાં આરોપી તરફ વ્હેમ ઉપજાવવાને ખાતર ફરિયાદીના આગલા ગુન્હાઓ સાબીત કરવાની ફરિયાદીને સત્તા રહેશે. જડજો ઠરાવ કરે તે પ્રમાણે કેસ ચલાવી શકાશે અને જુબાની લેવાના નીયમો પાળવાને તેઓ બંધાશે નહીં. આવી તપાસ, જો તેને તપાસ (!) કહી શકાતી હોય તો, તે બંધ બારણે ચલાવાશે અને તેનો હેવાલ જાહેર થશે નહીં. કોઈની પાસેથી રાજદ્રોહી દસ્તાવેજ મળી આવશે તો એજ તેના તરફનો ગુન્હો સાબીત કરવાને પુરતો પુરાવો ગણાશે અને એ દસ્તાવેજ આરોપીની પાસે કાયદેસર હતું અને નહીં કે તેનો ફેલાવો કરવાને માટે, એ પુરવાર કરવાનું આરોપીની ઉપર મુકવામાં આવશે. આરોપીને જે ખાસ ગુન્હા માટે પકડવામાં આવ્યો હશે તે ગુન્હો પુરવાર નહીં થતાં તેને ચેતવણી આપ્યા સિવાયજ કોઈ બીજા ગુન્હાને માટે પણ તેને સજા થઈ શકશે. વળી એક માણસને થયેલી સજા તેણે પુરી કીધા પછી તે માણસે તેને ફરમાવવામાં આવે તે મુજબ પોતાની હાજરી આપ્યા કરવી પડશે. એટલે એવા માણસને માટે તો કશી આશાજ રાખવાપણું હોતું નથી. એક વખત ગુન્હેગાર ઠર્યો એટલે તો સરકારની આંખમાં તો સદાને માટે ગુન્હેગારજ રહેશે. અને સરકારના પંજામાંથી મુક્ત થશે નહીં. કોઈ પણ માણસને વિષે તેણે કોઈ પણ રીતે ના. શહેનશાહની સરકારની સામે બીન વફાદારી કે તીરસ્કાર ઉત્પન્ન કરાવેલો છે એવું પુરવાર થશે તો બ્રિટીશ હીંદના કાયદા પ્રમાણે તેવા માણસને જન્મ દેશનિકાલની અથવા ઓછી એવી દંડની સજા થશે. જનરલ હરટઝોગ અને તેના અનુયાયીઓ એટલા નસીબદાર છે કે તેઓનું રહેઠાણ હીંદમાં નથી. કેમકે જો તેઓ હીંદમાં રહેતા હોત અને જે જેવી ઉક્તીઓ તેઓ સાઉથ આફ્રિકામાં કરી શકે છે તેવી ઉક્તીઓ તેઓ હીંદુસ્તાનમાં કરી હોત ત્યાં તેઓની ઉપર અનેક પ્રકારે કામ ચાલી શકતે ! ! ભાઈઓ, આપણી સમક્ષ જે વખત રહ્યો છે તેટલા વખતમાં બીલોની સઘળી વીગતોમાં આપણાથી ઉતરી શકાય તેમ નથી. ઇગ્લાંડની અંદર સ્ટાર ચેમ્બરની જે રૂઢીઓ હતી તેને પણ આંટી દેનારી રૂઢીઓ આ બીલોમાં દાખલ કરવામાં આવી છે. અને જો કોઇ પણ ભુલે ચુકે સરકારની નાખુશી મેળવશે તે હીંદની આપખુશી અમલદારોની સત્તાઓનો ભોગ થઈ પડશે. હીંદે બ્રિટીશ શહેનશાહતને જે મહાન વફાદારી બતાવી છે અને મનુષ્ય અને અઢળક નાણાની જે ઉદાર મદદ કરી છે તેનો બદલો હીંદને આ જુલમી કાયદાઓથી આપવામાં આવ્યો છે. હીંદ તો વફાદાર છે અને સદા વફાદાર રહેશેજ પરંતુ તેના બદલા તરીકે તેઓ માત્ર એટલુંજ માગે છે કે બ્રિટીશ રાજમાં મનુષ્ય તરીકે જીવવાનો અને મરવાનો તેઓને હક મળે. ભાઈઓ, આ સંજોગોમાં આપણે જેવી આશા રાખી શકાએ તેવુંજ બન્યું છે. આ બીલોને લીધે આપણા લોકોમાં ઘણીજ અશાંતિ ફેલાઈ હતી પરંતુ એ અશાંતિની દરકાર કરવામાં આવી નહીં. તેને પરિણામે આપણે જોઈએ છીએ કે જે નરને માટે આપણે ઘણુંજ માન ધરાવીએ છીએ જેમને આપણું માનીએ છીએ જેમણે પોતાની જીંદગીનો કીમતી વખત આપણી વચ્ચે રહી આપણી સ્થિતિ સુધારવાને નિસ્વારથપણે મહેનત કરવામાં ગાળ્યો છે તે મી. ગાંધી આ બીલો ઉપર ઘણા ઉજાગરાઓ કરવા પછી આ ટાંકણે આગળ પડ્યા છે અને બીલો સામેના આપણા વાંધા વિષે સરકારને અસરકારકપણે અસર કરવાનો મારગ આપણા ભાઈઓને બતાવી આપ્યો છે. અને એ સત્યાગ્રહના મારગમાં તેઓએ હીંદના સુખ દુઃખનું ભાન કરનાર નમ્ર અને સુંદર આત્મા મીસીસ સરોજની નાયડુ અને બીજો મહાન આત્મા કે જેને આપણે અત્યંત ચાહીએ છીએ તે મીસીસ ગાંધીને પોતાની સાથે સામેલ કીધાં છે. આ હિલચાલ અને વળી ખાસ કરીને જેમાં આપણા માનવંત આગેવાન સામેલ છે તેમાં જરમનનો હાથ રહેલો છે એમ કહેવું એ તો અત્યંત અજાયબી ભરેલું અને માની ન શકાય તેહુંજ છે. કોઈ પણ પ્રકારના બળાત્કાર તરફ આપણે દિલસોજી ધરાવતાજ નથી. આત્મબળથી એ વિરૂદ્ધ છે હીંદમાં થએલી જાન માલની ખુવારીને માટે આપણે દિલગીર છીએ. એ સંબંધી સ્થાનિક છાપાઓએ હેવાલ આપેલો છે અને તેમાં બે મત હોઈ શકતા નથી. છતાં થોડી મુદતને માટે સત્યાગ્રહની હિલચાલ બંધ પડી છે એ જાણી આપણે ખુશી થઈએ છીએ અને આપણે એવી આશા રાખીશું અને પ્રારથના કરીશું કે સરકાર એ આત્મબળ રૂપી શસ્ત્રનો આપણા ભાઈઓને ફરી ઉપયોગ કરવાપણું રહેવા દેશે નહીં. સત્યાગ્રહ શરૂ થવાના જે કારણો છે તે કારણો દુર કરી દેવાની સરકારમાં શક્તિ રહેલી છે.

આજે યુનીયનમાં આપણી ઉપર પડતા દુઃખો સંબંધી કેટલાક ઠરાવો પણ તમારી સમક્ષ રજુ કરવામાં આવશે. અને તેને તમારો એકમતી ટેકો આપવા સાથે તમારે એટલું ભુલવું નહીં જોઈએ કે આપણી પ્રથમ ફરજ આપણી માતૃભુમી તરફ લક્ષ આપવાની રહેલી છે. આપણી મુસીબતો હમેશાં આપણી સાથે જ છે અને તેનો ઉપાય આપણાજ હાથમાં છે. અને આપણી સ્થિતિ યુનીયનમાં કેવી છે એ જ્યારે આપણે સમજતા થઈશું અને સમસ્ત યુનીયનમાં એકત્ર થઈ વરતતા થઈશું ત્યારે સરકાર મનુષ્ય તરીકે આપણે જે મેળવવાને હકદાર છીએ તે આપણને આપશેજ તેમાં કંઈજ સંદેહ નથી.

## પસાર થએલા ઠરાવો

તે પછી નીચે પ્રમાણેના ઠરાવો સરવાનુમતે પસાર થયા હતા. જેની ઉપર બોલનારાઓએ સમયાનુસાર વિવેચનો કીધા હતાં.

(૧) "ડરબનમાં મળેલી ત્યાંના વતની હીંદીઓની આ જાહેર મીટીંગ, રોલેટ કમીશન ઉપરથી રચાએલા અને જે સ્વતંત્રતાને બ્રિટીશ બંધારણ અતિ પવિત્ર ગણે છે એ સ્વતંત્રતા વફાદારમાં વફાદાર શહેરી પાસેથી પણ છીનવી લેનારા કાયદા હીંદીઓ ઉપર નાખવાના હીંદની સરકારે કરેલા નિશ્ચય તરફ ઉંડો ખેદ દરશાવે છે."

ઉપલો ઠરાવ પ્રમુખ તરફથી મુકવામાં આવ્યો હતો અને તેને મી. બી. એમ. જી. સીગામણીએ ટેકો આપ્યો હતો અને મી. ટી સી. ભુટલેએ વધુ ટેકો આપ્યો હતો

(૨) "આ મીટીંગ બળાત્કાર અને જાનોની ખુવારીના ખબરથી જો કે ખેદ પામે છે છતાં સત્યાગ્રહના સિદ્ધાંતમાં પોતાનો સંપુરણ વિશ્વાસ દરશાવે છે અને અત્યંત અગત્યના વખતમાં આપણા ભાઈઓ ઉપયોગમાં લઈ શકાય એવું જોર થયું છે એમ માને છે. વળી તેઓ સ્વદેશાભિમાનથી આ અન્યાયી કાયદાઓની સામે થયા છે તેઓની વાસ્તવીક અભિલાષાઓને સઘળી રીતે બનતો ટેકો આપવાનો આ મીટીંગ ઠરાવ કરે છે."

ઉપલો ઠરાવ મી. ભીખાસી મહારાજે મુક્યો હતો, મી લછમન પાંડુએ ટેકો આપ્યો હતો અને મી. એચ. આઈ. જોશીએ વધુ ટેકો આપ્યો હતો.

(૩) "નાટાલના હીંદીઓની આ મીટીંગ, સ્થાવર મીલ્કત મેળવવાની અને તેની માલીકી ધરાવવાની પોતાના ટ્રાંસવાલના ભાઈઓની કાયદેસર માગણીને મજબુત ટેકો આપે છે અને એમ માને છે કે આપણાથી પોતાના નિરવાહ ચલાવવાના હીંદીઓના હકને છીનવી લેવાનો પ્રયાસ જેઓ બ્રિટીશ શહેરી તરીકેનું ચાલુ થે છે તેઓને અતિ અન્યાયકર્તા છે. અને એવી આશા રાખે છે કે સરકારે હીંદી કોમના હયાત હકોનું રક્ષણ કરવાની જે કબુલાત આપી છે તે કબુલાતને પોતે વળગી રહેશે."

ઉપલો ઠરાવ મી. એમ. પી. નાયડુ મુકયો હતો, મી. આર. ભગવાને ટેકો આપ્યો હતો અને મી મહમદ ઈબ્રાહીમે વધુ ટેકો આપ્યો હતો.

(૪) "હીંદીઓની આ મીટીંગ હીંદીઓને યુનીયનના એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં જવા સંબંધી રાખવામાં આવેલું બંધન દુર કરવા અને ઈમીગ્રેશન રીસ્ટ્રીકશનના કાયદાના તેમજ તેની રૂએ થએલા ધારાઓનો ન્યાયથી અને દિલસોજીથી અમલ કરવામાં આવે તેવા પગલાં લેવા યુનીયન સરકારને અરજ કરે છે."

ઉપલો ઠરાવ મી. એમ. સી. આંગલીયાએ મુકયો હતો અને મી. આર. ભગવાનજીએ ટેકો આપ્યો હતો.

(૫) "નાટાલના હીંદીઓની આ મીટીંગ નાટાલ મ્યુનીસીપલ એસોસીએશન કર કરશે પોતાના ઠરાવ મ્યુનીસીપલ [illegible] ટેરીટોરીઝમાં હીંદીઓના [illegible] ઈરાદાવાળા ઠરાવો દાખલ કરે છે [illegible] ઠરાવ કરે છે અને આજ સુધી એવી રંગદ્વેષી કલમો દાખલ કરવાના પ્રયાસોને મંજુરી નહીં આપવા બદલ આ મીટીંગ ના એડમીનીસ્ટ્રેટર અને નાટાલની પ્રોવિન્સીયલ એકઝેકયુટીવના વસ્ત પોતાનો આભાર નોંધ લે છે અને એજ પ્રમાણે હીંદી કોમના હકોનું રક્ષણ કરવાનું તેઓ ચાલુ રાખશે એવી આશા દર્શાવે છે."

ઉપલો ઠરાવ મી. રૂકનુદીને મુકયો હતો. મી. એ. એચ. કાજીએ ટેકો આપ્યો હતો અને મી. સી. ડી. પ્રાગજીએ વધુ ટેકો આપ્યો હતો.

(૬) "આ મીટીંગ માને છે કે દક્ષિણ આફ્રિકામાં કાયદેસર રહેવાનો હક ધરાવતા સઘળા સ્ત્રી પુરૂષો જેઓ યુનીયનના એ સંબંધી કાયદાની માગણીને અનુસરી શકે છે તેઓને પોલીટીકલ ફ્રેન્ચાઈઝનો હક આપવાનો હવે વખત આવ્યો છે અને એવી ઉદાર નીતી કેપ પ્રોવીન્સમાં વરતે છે તેવીજ નીતી યુનીયનના સઘળા ભાગોમાં હોવી જોઈએ."

ઉપલો ઠરાવ મી. બી. એ. મેઘરાજે મુકયો હતો, મી. એમ. એ. મજીદે ટેકો આપ્યો હતો અને મી. એ. [illegible] વધુ ટેકો આપ્યો હતો.

(૭) "આ મીટીંગ યુરોપીઅનો મફત કેળવણીનો જે લાભ લે છે અને જે લાભ હવે કલરડ લોકોને પણ આપવાની તઈયારીમાં છે એ લાભ હીંદીઓને પણ અપાય એવી પ્રોવિન્સીયલ એકઝેકયુટીવને નમ્ર વિનંતિ કરે છે અને માત્ર અમુક વરગોને મફત કેળવણીની સગવડ કરવાને બીજાઓની [illegible] હીંદીઓ ઉપર પણ જે [illegible] કર નાખવામાં આવ્યો છે એ કેટલો અન્યાયી છે એ તરફ એકઝેકયુટીવનું વિનંતિ પુરવક ધ્યાન ખેંચે છે."

ઉપલો ઠરાવ મી. એ. ક્રીસ્ટોફરે મુકયો હતો. મી. એ. ડી. પીલેએ ટેકો આપ્યો હતો અને મી. ભેસ. એસ. આમદે વધુ ટેકો આપ્યો હતો.

(૮) "આ મીટીંગ ઉપલા ઠરાવોની નકલ હીંદના આપણા ભાઈઓ ઉપર અને સત્તાધીશો ઉપર મોકલી આપવાની પ્રમુખને સત્તા આપે છે."

ઉપલો ઠરાવ મી. મેઓયલે મુકયો હતો. મી. ગુલાબસીંગે ટેકો આપ્યો હતો અને મી. વી. ડી. મહેતાએ વધુ ટેકો આપ્યો હતો.

### બીજી ખાસ મીટીંગ

નીચે પ્રમાણેનો ઠરાવ ઉપલી મીટીંગમાં મી. સોરાબજી રૂસ્તમજીએ મુકવાની માગણી કીધી હતી અને મીટીંગ સમક્ષ વાંચી સંભળાવ્યો હતો. જો કે આખી મીટીંગ એ ઠરાવની તરફેણમાં હતી છતાં કેટલાક જેઓની સંખ્યા ઘણીજ જુજ હતી તેઓ વિરૂધ હતા. મી. એ. ક્રીસ્ટોફર તથા મી. એલ. ગેબ્રીયલે તેની વિરૂધમાં ભાષણ કીધાં હતાં અને મીટીંગને એ ઠરાવ પસાર નહી કરવા સમજાવવાનો પ્રયાસ કીધો હતો કેમકે તેઓના વિચાર મુજબ એ ઠરાવ [illegible] નહીં હતો. ઘણી ગરમાગરમ ચરચા થતાં પ્રમુખ સાહેબ એ ઠરાવ મીટીંગના કારસ્થાનમાં નહીં જણાવેલો હોવાથી [illegible] બહાર ગણી મીટીંગ બરખાસ્ત કરી દીધી હતી. [illegible] હતી જો કે કેટલાક એ ઠરાવના વિરોધીઓ ચાલી ગયા હતા.

આ બીજી મીટીંગમાં મી. સોરાબજીએ પોતાનો ઠરાવ મુકયો હતો જે નીચે પ્રમાણે હતો: "નાટાલના હીંદીઓની આ ખાસ મીટીંગ સુલેહની ઉજવણીની વ્યવસ્થા કરવાને નીમાએલી કમીટીમાં જે હીંદી પ્રતિનિધિઓ છે તેઓને પોતાની જગ્યાઓનું રાજીનામું તરતજ આપી દેવા જણાવે છે. કારણ કે જ્યારે હીંદુસ્તાનમાં આપણા ભાઈઓને રોલેટ બીલો-કાળા બીલો રૂપી અન્યાયી કાયદા દાખલ કરી રીબાવવામાં આવે છે તે વખતે દક્ષિણ આફ્રિકાના હીંદીઓને માટે સુલેહની ઉજવણી હોઈ શકેજ નહીં."

આ ઠરાવને મી એ. આઈ. કાજીએ ટેકો આપ્યો હતો અને મી. બી. એલ. [illegible] અનુમોદન આપ્યું હતું અને [illegible]

---

## જોહાનીસબર્ગમાં મીટીંગ

(અમારા ખબરપત્રી તરફથી)

ટ્રાંસવાલ બ્રિટીશ ઈન્ડિયન એસોસીએશનની એક તાકીદની ખાસ મીટીંગ મી. અસવાતના પ્રમુખપણા નીચે પાટીદાર હોલમાં ગયા રવીવાર તા. ૨૭મીએ મળી હતી. મીટીંગ બોલાવવાનો હેતુ હાલમાં હીંદુસ્તાનમાં ચાલી રહેલા ગંભીર મામલાનો વિચાર અને મહાત્મા ગાંધીજીએ ઉઠાવેલી સત્યાગ્રહની હિલચાલને ટેકો આપવાનો હતો. જો કે મીટીંગની જાહેરાત બહુજ ટુંકી અપાઈ હતી છતાં હોલ ચીકાર ભરાઈ ગયો હતો. પ્રમુખ મી. અસવાતે હાલ હીંદુસ્તાનમાં જે ગંભીર તોફાન ચાલી રહયું છે તે બાબત ઉપર બોલતાં જણાવ્યું કે ફકત રોલેટ બીલના કારણેજ હાલની સ્થિતિ ઉભી થઈ છે. [illegible] કાઉન્સીલના લોક નીયુકત સભાસદોની એકમતી વિરૂધતા અને હીંદુસ્તાનના એક ખુણાથી બીજા ખુણા સુધીના દરેક નાના મોટા શહેરો અને ગામડીઆનો સખત વિરોધ છતાં વાઈસરોય અને તેના સાથીઓએ બીલ પસાર કરવાની નહીં ઈચ્છવાજોગ હઠ પકડી અને રોલેટ બીલને કાયદાનું રૂપ આપ્યું હોવાથી જ હાલની ઉશ્કેરણી ચાલુ થઈ અને જેમાં કેટલાક નિરદોષ [illegible] આપણા ભારતવાસીઓ સરકારની [illegible] મશીનગન અને એરોપ્લેનના ગોળાના ભોગ થઈ પડયાં કે જે ગોળાનો ઉપયોગ કરી જરમનોજ કરતા હતા એવું કહેવાતું હતું. વળી હાલના તોફાનનું કારણ ટરકી સલતનતના પડવાથી મુસલમાનો ઉશ્કેરાયા અને કેટલાક જરમન એજન્ટોથી કેટલાક [illegible] ઉશ્કેરાયા અને હાલનું પરિણામ આવ્યું એવું હીંદુસ્તાનના નામદાર વાઈસરોય જણાવે છે. પણ તે હદ ઉપરાંત જુઠાણું છે. ખરું કારણ તો ફકત રોલેટ બીલોજ છે. મહાત્મા ગાંધીની સત્યાગ્રહની હિલચાલના પ્રમુખે વખાણ કરી તેમની હિલચાલમાં વિશ્વાસ રાખી સૌને મળતા રહેવા સલાહ આપી હતી. બીજા ભાષણ કરનારાઓએ પણ બહુજ જુસ્સાદાર ભાષામાં વાઈસરોયના પગલાંને વખોડી કાઢી મહાત્મા ગાંધીજીની હિલચાલને ટેકો આપ્યો હતો.

### ઠરાવો

સૌ મળી નીચે પ્રમાણેના ઠરાવો સરવાનુમતે પસાર થયા હતા:

(૧) ટ્રાંસવાલ બ્રિ. ઈન્ડિયન એસોસીએશનની જોહાનીસબરગ ખાતે તા. ૨૭ એપ્રીલ ૧૯૧૯ના દિને મળેલી ખાસ મીટીંગ હીંદી પ્રજાના એકમતી વિરોધની સામે થઈ રોલેટ બીલ પસાર કરવામાં

વાઈસરોય અને તેમના નીમાયલા સલાહકારોએ લીધેલી વલણ તરફ પોતાની સરવથા નિરાશાની નોંધ લે છે. આ કાયદા પહેલાં હીંદી શહેનશાહતની તદન શાંત સ્થિતિ હતી તે જોતાં આ મીટીંગ માને છે કે આ બીલો બીનજરૂરી અને અનીમંત્રીત છે અને તેથી હીંદી પ્રજાનુ અપમાન કરનારાં અને નામોશી લગાડનારા છે. હીંદી રાજ્યકીય સુધારા સંબંધી શાહી સરકાર અને રાજનીતીજ્ઞોએ ઉપરાઉપરી આપેલાં વચનો અને ખાત્રીઓથી આ કાળા કાયદા ઓ સરવથા વિરૂધ્ધ છે અને સંકટને સમયે હીંદી શહેનશાહતે મરજીયાત રીતે આપેલા મહાન ભોગોના બદલામાં અકૃતજ્ઞતા બતાવનારાં છે. હાલ હીંદમાં વરતતો અસંતોષ એ રાજદ્રોહી ચળવળનું પરિણામ છે એવી વાતને અને ઓટોમન શહેનશાહતની પડતીને લીધે આ અસંતોષ છે એવા અણછાજતા દાળને આ મીટીંગ દ્રઢતાથી વખોડી કાઢે છે. અને આવા ખુલાસાને સ્વરાજ્ય અને આત્મનિશ્ચયની હીંદની કાયદેસર હિલચાલને કચડી નાખવાના હીંદની બ્યુરોકરસીએ ઘડી કાઢેલી એક હલકી કપટ બાજી તરીકે ગણે છે."

ઉપલો ઠરાવ મી. એમ. જી. પટેલે મુકયો હતો. મી. આર. સરફુદીને ટેકો આપ્યો હતો અને મેસરસ પી. નાયડુ, એ. આઇ ગબરૂ અને ડી કલ્યાણજીએ અનુમોદન આપ્યું હતું.

(૨) "આ માસ મીટીંગ મોન્ટેગ્યુ ચેમ્સફરડની સુધારાની યોજનામાં જણાવેલા ઉદ્દેશનો સરવથા ભંગ કરનારા રોલેટ બીલો અને એવા હરકત કરનારા અન્ય પગલાંઓના સંબંધમાં મહાત્મા ગાંધી અને તેઓના અનુયાયીઓની માગણીને અંતઃકરણ પુરવક ટેકો આપે છે અને શહેનશાહતની તવારીખમાં અગાઉ કદી નહીં થએલા એવા નામોશી ભરેલા આ કાયદાને ઇન્સાફને ખાતર અને હીંદી પ્રજાને વખતો વખત અપાએલા વચનોને ખાતર કાયદા પોથીમાંથી રદ કરવાની શાહી સરકારને અરજ ગુજારે છે. આ મીટીંગનો એવો દ્રઢ અભિપ્રાય છે કે કાયદા પોથીમાં આ અપમાન ભરેલો કાયદો રહેવાથી હમેશને માટે અસંતોષ, અશાંતિ અને અસ્વસ્થતા માત્ર હીંદી શહેનશાહતમાંજ નહીં પણ જ્યાં જ્યાં હીંદીઓ વસે છે ત્યાં રહેશે. આ મીટીંગ એવો મત ધરાવે છે કે આ એકજ કાળરૂપ ફટકાથી હીંદી સરકારે પ્રજાને ઈતબાર સરવથા ખોયો છે અને શાહી સરકારને પોતે દિલ્હી દરબાર વખતે કરેલી સુચનાં અમલમાં મુકી વાઈસરોયની ઉચ્ચ પદ્ઘીએ બાદશાહી કુટુંબના એક સભ્યને મુકવાની અરજ ગુજારે છે. અને એવી ખાત્રી દરશાવવા ઇચ્છે છે કે આવું પગલું શહેનશાહની પ્રજાઓમાં સારી લાગણી ઉત્પન્ન કરાવનારૂં થઈ પડશે હીંદી અને યુરોપીયન વસ્તી વચ્ચે સ્નેહભાવ વધારનારૂં અને બ્રિટીશ શહેનશાહતની કીર્તી વધારનારૂં થઇ પડશે."

ઉપલો ઠરાવ મી. એમ. પી. ફેન્સીએ મુકયો હતો. મી. આર. વી. પટેલે ટેકો આપ્યો હતો અને મેસરસ પી. કે. નાયડુ સુલેમાન પટેલ અને ખુશાલભાઇ ભોરારજીએ અનુમોદન આપ્યું હતું.

## હીંદમાં રોલેટ બીલે વરતાવેલો કેર

### રુટરના તારોમાંથી જાણવાજોગ ખબરો

લંડન એપ્રીલ તા. ૧૯.—પંજાબથી આવેલા ખબરો ઉપરથી જણાય છે કે કાસુમાં ત્રીજોરી ઉપર હાથ નાખવામાં આવ્યો હતો અને બે બ્રીટીશ અમલદારો જખમી થયા હતા અને સીપાઈ મારયો ગયો હતો.

અમરતસરથી એપ્રીલ તા. ૧૭મીના સંદેશામાં જણાવાય છે કે સભાઓ ભરવાનો મનાઈ હુકમ થવા છતાં અનેક સભાઓ ભરાઇ હતી જેને પરીણામે લશ્કરને બંડખોરો ઉપર બંદુકનો મારો ચલાવવો પડયો હતો જેથી બસોએકને ઈજા થઈ હતી.

ખેતીવાડીના લતામાં ખળભળાટ કરનારાઓ સરકારી મીલકતને નુકસાની પહોંચાડે છે અને રેલગાડીઓમાં લુંટ ચલાવે છે.

દીલ્હીમાં શાંતી થતાં જ્યારે દુકાનો પાછી ખુલી ત્યારે મુસલમાન બંડખોરોનું એક ટોળું વચ્ચે પડયું જેથી પોલીસને ગોળી છોડવી પડી હતી અને ટોળું વીખેરાયું હતું. ચાર પોલીસ જખમી થયા હતા. તે પછી શહેરમાં શાંતી થઈ હતી. પણ લશ્કરી ચોકી રાખવામાં આવી હતી

એપ્રીલ તા ૧૩મીએ પેશાવરમાં દુકાનો બંધ કરવાનો પ્રયત્ન થયો હતો અને મહાસભાઓ ભરાઈ હતી જેમાં હીંદુઓએ ભાગ લીધો હતો. બ્રીટીશ માલનો બહીષ્કાર કરવાની હીમાયત કરનારા ભાષણો થયાં હતાં પણ કંઈ ખળભળાટ થયો નહોતો.

કલકતામાં શાંત છે. ત્યાંની વસ્તીના વીનીત પક્ષે એક જાહેરનામું બહાર પાડી સત્યાગ્રહની હીલચાલને વખોડી છે.

મુંબઇમાં શાંત છે. પણ મુસલમાનોમાં ખળભળાટ વરતે છે.

પ્રેસબ્યુરોએ વાઇસરોય તરફથી તા. ૧૯મીની તારીખનો એક રીપોરટ બહાર પાડયો છે જેમા જણાવાય છે કે લાહોરમાં વધારાનું લશ્કર આવી પહોંચ્યું છે અને આખા ઈલાકામાં તેની વહેંચણી કરવામાં આવે છે.

તા. ૧૮મીએ લશ્કરને ગોળી બહાર કરવા પડવાથી ૨૫ અકસ્માત થયા હતા. એક માણસ મારયો ગયો હતો

પેશાવરમાં વેપારીઓએ દુકાનો બંધ કરવાની ના પાડી હતી.

લંડન એપ્રીલ તા. ૧૯ (અસુરો)—વાઈસરોય બીજા એક રીપોરટમાં જણાવે છે કે: અમરતસર શહેરના બંડખોરોની ટુકડીઓ ઘણે ભાગે મુસલમાન ગુન્ડાઓની બનેલી હોય છે કે જેઓને ધરલામીક અને હીંદુ ચળવળીયાઓ તરફથી ઉશ્કેરવામાં આવે છે. સીખ લોકોના ગામડાઓની સ્થિતી સારી જણાય છે. અને હજુ સુધી મુસલમાનોનું તોફાન ઉત્તર તરફ ફેલાયું નથી.

મુંબઈમાં ઉશ્કેરણી કરનારી પત્રીકાઓ વહેંચતા બે ચળવળીયાને પકડવામા આવ્યા છે.

રૂટરનો મુંબઇનો ખબરપત્રી તા. ૧૮મીના તારમાં જણાવે છે કે મી ગાંધીએ એક પત્ર લખી થોડી મુદતને માટે સત્યાગ્રહ બંધ રાખવાની સુચના કરી છે. અને તેમના અનુયાયીઓને નીયમ ફેલાવવામાં સરકારને સબળી રીતે મદદ કરવા જણાવ્યું છે.

રૂટરનો લાહોરનો ખબરપત્રી જણાવે છે કે પંજાબના મુસલમાન આગેવાનોએ એક જાહેરનામામાં પોતાના દેશી ભાઈઓ અને ખાસ કરીને મુસલીમોને સત્યાગ્રહ છોડી દઈ સતાધીશોને તાબે થવાની અને શાંતી ફેલાવવાના પગલાં લેવા વીનંતી કરી છે.

રૂટરનો સીમલાનો ખબરપત્રી તા. ૨૦મીના જણાવે છે કે ગુજરાતમાં મારશલ લૉ જાહેર કરવામાં આવ્યો છે.

તા. ૨૨મીના તાર ઉપરથી જણાય છે કે દીલ્હીના વેપારીઓ બીજી જગ્યાઓના વેપારીઓ ઉપર તેઓની હુંડીઓ નહીં સ્વીકારી દબાણ કરે છે અને દીલ્હીના જાસુસો પંજાબમાં ચળવળ કરે છે.

લંડન એપ્રીલ તા. ૨૩—હીંદના વાઇસરોયનો પ્રેસબ્યુરોએ બહાર પાડેલા તા. ૨૨મીના રીપોરટમાં જણાવાય છે કે પંજાબમાં રાજદ્રોહી મીટીંગના કાયદાનો અમલ લીઆલપુર ડીસ્ટ્રીકટ સુધી લંબાવાયો છે.

મુંબઇ અને આખા ઇલાકામાં શાંતી છે. મુસલમાનોની લાગણી મી. ગાંધીની સામે ઉશ્કેરાતી જાય છે. મી. ગાંધીએ પોતાના અનુયાયીઓને સરકારને હમણા મદદ કરવા સુચવ્યું છે. દુરાચરણ કરનારાં તત્વો એટલા બધા વધી જશે એવી મી. ગાંધીને આશા નહોતી. મી. હોરનીમેને એવો અભિપ્રાય દર્શાવ્યો હતો કે અનીષ્ટ કામ કરનારાઓ જે સત્યાગ્રહના સિદ્ધાંતના સબળી રીતે વિરોધી છે તેઓએ આં હીલચાલને અપવીત્ર કરી દીધી છે.

મી. ગોકળભાઇ ખુશાલભાઈ તથા મી. કલાભાભાઈ મંગા જેઓ જોહાનીસબરગથી થોડા વખત થયાં ડરબન આવ્યા હતા તેઓએ જોહાનીસબરગ પાછા ફરતાં પહેલાં મી. છોટુભાઇ દેસાઇ સાથે ગયા બુધવારે ફીનીકસ સંસ્થાની મુલાકાત લીધી હતી. તેઓ તરફથી ઇ. ઓ. ના નીભાવ અરથે મળેલા પા. ૨ના અમે આભાર સાથે સ્વીકાર કરીએ છીએ.

# રોલેટ બીલો વિષે સમજુતી

'રોલેટ બીલ વિષે સમજુતી' એ નામનું સત્યાગ્રહ લેખમાળામાંનું એક ચોપાનીયું સત્યાગ્રહ સભા તરફથી મી. ગાંધીએ લખ્યું છે જેમાં બીલોની ખાસ કલમો આપી તેની ટીકા આપવામાં આવી છે. અમારા વાંચનાર વાચકોને અર્થે એ જેમ અત્રે આપીએ છીએ

## સને ૧૯૧૯નાં બિલ નં. ૨ નો સાર.

**બિલનો હેતુ**

એ છે કે ખાસ સ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે સાધારણ ફોજદારી કાયદામાં અપાયલી છે તેના કરતાં સરકારને વધારે સત્તા આપવી અને સરકાર તે જરૂર પ્રસંગે વાપરે.

આ બિલને વિષે સરકારે વિલાયતથી હીંદી મંત્રીની કાઉન્સીલની પરવાનગી પહેલેથી મેળવી લીધેલી છે.

**કલમ ૧:**

આ કાયદાનું નામ ભયંકર સમયે ફોજદારી કાયદામાં રહેલી સત્તા કરતાં વધેલ સત્તા આપનારો કાયદો. આ કાયદો આખા હીંદુસ્તાનને લાગુ પડે છે.

## જાણવા જોગ કલમો.

ગવરનર-જનરલની કાઉન્સિલને જ્યારે ખાત્રી થાય કે અમુક ગુન્હાઓ આખા હીંદુસ્તાનમાં કે તેના કોઈ પણ ભાગમાં ચાલી રહેલા છે, અને કોમી સહીસલામતીને સારૂ એ ગુન્હા વિષે તુરત કામ ચલાવવાની જરૂર છે, તો તે, ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને જાહેર કરી શકે છે કે તે જાહેરનામામાં જણાવેલા ભાગમાં આ કાયદો લાગુ પાડવામાં આવશે.

**કલમ ૩:**

જ્યારે સ્થાનિક સરકારને એમ જણાય કે અમુક માણસના ઉપર આ કાયદાની રૂએ કામ ચલાવવું જોઈએ, ત્યારે કોઈ પણ સરકારી અમલદારને તે હુકમ કરી શકે છે કે મજકુર અમલદારે એવા માણસની સામે ચીફ જસ્ટિસની પાસે ફરિયાદ કરવી.

આવી ફરિયાદ; ઉપર કહ્યા પ્રમાણે અમુક પ્રદેશને આ કાયદો લાગુ પાડવો જોઈએ એવી ગેઝેટમાં નોટિસ બહાર પડયા પહેલાંની તારીખે થયલા ગુન્હા વિષે પણ કરી શકાય છે.

ફરિયાદમાં ગુન્હો, તોહમતદારનું નામ ઠામ, ગુન્હાનો વખત, તેનું સ્થળ અને બીજી હકીકત, જે ફરિયાદી અમલદાર જાણતો હોય તે, દાખલ કરવી કે જેથી તોહમતદારને પોતાની સામે આરોપાયલા ગુન્હા વિષે ખબર પડે.

આ ફરિયાદમાં ચીફ જસ્ટિસને યોગ્ય લાગે તે પ્રમાણે વધારે હકીકત નોંધવાનો હુકમ તે કરી શકે છે, અને આવી ફરિયાદની નકલ તોહમતદારને આપવી.

**કલમ ૫:**

આમ તોહમતદારને નોટિસ પહોંચ્યાં પછી ચીફ જસ્ટિસે કામ ચલાવવાને સારૂ હાઈકોરટના ત્રણ જડજોને નીમવા.

**કલમ ૬:**

સદરહુ કોરટ આવો મુકદ્દમો ગુન્હાવાળા પ્રાંતની પોતાને યોગ્ય લાગે તેવી કોઈ પણ જગાએ ચલાવી શકે છે, પણ ગવરનર-જનરલની કાઉન્સિલને જાહેરનામું કાઢી, ન્યાયની ખાતર યોગ્ય જણાય તો સદરહુ મુકદ્દમો બીજી કોઈ પણ જગ્યાએ ચલાવવાનું ફરમાવવાનો પણ અધિકાર છે.

**કલમ ૯:**

ફરિયાદ નોંધાયા પછી તોહમતદાર કામ ચલાવવાને સારૂ વધારેમાં વધારે ૧૦ દિવસની મુદત માગી શકે છે.

**કલમ ૧૦:**

જે જે સાક્ષીઓને તપાસવામાં આવે તેના પુરાવાનો સાર માત્ર નોંધવાને કોરટ બંધાએલી છે.

[ટીકા:-જે વકીલ નથી તે પણ સહેજે સમજી શકશે કે આમ સાક્ષીઓની જુબાનીનો સાર માત્રજ નોંધવાથી ભારે ગેરઈન્સાફ થઈ શકે છે. બધા સાક્ષીઓ તપાસ્યા પહેલાં પુરાવાના કયા ભાગ ઉપર કેટલું વજન દેવું એ કોઈ પણ જડજ નથી કહી શકતો.]

**કલમ ૧૧:**

જાહેર લાભને ખાતર અથવા તો કોઈ સાક્ષીનાં રક્ષણને ખાતર કોરટને એમ જણાય કે કોરટમાં ચાલેલું બધું અથવા તેમાનું ગમે તેટલું કામ પ્રસિદ્ધ થતાં અટકાવવું ઘટે છે તો તેવી અટકાયત કરવાનો કોરટ હુકમ કરી શકે છે.

**કલમ ૧૩:**

ફરિયાદી તરફનો પુરાવો પુરો ન થાય ત્યાં સુધી કોરટ તોહમતદારને કંઈ સવાલ નથી પુછી શકતી; પણ ત્યાર બાદ અને તોહમતદાર પોતા તરફનો પુરાવો શરૂ કરે તેના પહેલાં, તોહમતદાર સોગંદ ઉપર પોતાની જુબાની આપવા ઈચ્છે છે કે નહીં તે કોરટ પુછશે; જ્યારે તેને ખબર આપશે કે જો એ પ્રમાણે જુબાની આપશે તો તે ઉલટ તપાસને પાત્ર થશે.

જો તોહમતદાર સોગંદ ઉપર જુબાની આપવાને તઈયાર થાય તો તેના ઉપર આરોપાયલો ગુન્હો જે સવાલના જવાબથી સાબિત થઈ શકે એવો કોઈ પણ સવાલ કોરટ તેને પુછી શકે છે.

**કલમ ૧૪:**

કોરટના જડજો વચ્ચે મતભેદ થાય તો જે ઠરાવના પક્ષમાં વધારે મત હશે તે ઠરાવ બહાલ રહેશે.

**કલમ ૧૫:**

તપાસ દરમ્યાન એમ જોવામાં આવે કે જે ગુન્હાનું તોહમત મુકવામાં આવેલું છે તે ગુન્હો નહીં, પણ તોહમતદારે કોઈ બીજો ગુન્હો કરેલો છે તો તેને સારૂ પણ કોરટ તેને સજા કરી શકે છે.

**કલમ ૧૭:**

મજકુર કોરટનો ઠરાવ એ છેવટનો અને નિરણયકારક ગણાશે, અને આવી કોરટે કરેલા કોઈ પણ હુકમ અગર સજાની સામે કોઈ કોરટ ફરી તપાસની અરજી સ્વીકારી નહીં શકે.

## ભાગ ૨ જો

**કલમ ૨૦:**

જો ગવરનર-જનરલની કાઉન્સિલને એવી ખાત્રી થાય કે જેના વડે રાજ્યની સામેના ગુન્હા થવામાં ઉત્તેજન મળવાનો સંભવ હોય એવી જાતની હિલચાલો હીંદુસ્તાનમાં કે હીંદુસ્તાનના કોઈ વિભાગમાં ચાલી રહેલી છે તો જાહેરનામું કાઢીને તેઓ કાયદાનો આ ભાગ તે પ્રદેશમાં લાગુ પાડી શકે છે.

**કલમ ૨૧:**

જો સ્થાનિક સરકારને એમ લાગે કે મજકુર વિભાગમાં કોઈ માણસ, ઉપર વરણવેલી છે એવી હિલચાલની અંદર પ્રવૃત્તિ કરી રહયો છે: તો તેને વિષે સ્થાનિક સરકાર નીચે પ્રમાણે હુકમો કહાડી શકે છે:-

(ક) હુકમમાં સુચવેલી તારીખની અંદર એવા માણસે, જામીન સાથે કે જામીન વિના, વધારેમાં વધારે એક વરસની મુદત ને સારૂ પોતે સારી ચાલ ચલગતનો હશે એવા મુચલકા લખી આપવા;

(ખ) હુકમ આપ્યા પ્રમાણે પોતાના રહેઠાણની અને રહેઠાણના ફેરબદલીની ખબર આપવી;

(ગ) હુકમ આપ્યા પ્રમાણેની જગ્યાએ તેણે રહેવું;

(ઘ) જે કામ સુલેહનો ભંગ થાય એવું અથવા તો કોમી સહીસલામતીને નુકસાનકારક છે એવું સ્થાનિક સરકારને જણાય, તે કામ મજકુર માણસે નહીં કરવું;

(ચ) હુકમમાં જણાવ્યા પ્રમાણે તે વખતે તેણે પોલીસની પાસે હાજરી આપી આવવી.

[ટીકા-આ કલમથી હરકોઈ પણ માણસની ઉપર માત્ર શકથી, વગર તપાસે, ઉપર પ્રમાણેના હુકમો નીકળી શકે છે.]

**કલમ ૨૩:**

મજકુર હુકમોનો અમલ કરાવવાને સારૂ જે કંઈ પણ પગલાં લેવાની જરૂર જણાય તે પગલાં દરેક અમલદાર લઈ શકે છે.

**કલમ ૨૪:**

કલમ ૨૧માં કાઢેલો હુકમ એક મહિના પુરતો છે

**કલમ ૨૫:**

જ્યારે જ્યારે ઉપર પ્રમાણે હુકમ સ્થાનિક સરકાર કરે, ત્યારે ત્યારે પોતાથી બની શકે તેટલી ઉતાવળે તેણે આ કાયદાની રૂએ નીમાનારા સત્તાધિકારી પાસે ટુંકામાં તે હુકમ વિષેની હકીકત મોકલવી અને તેની અંદર હુકમ કરવાનાં કારણો બતાવવાં.

પછી નીમાયલો સત્તાધિકારી થયલા હુકમ વિષે છુપી તપાસ ચલાવશે; અને જે માણસની સામે હુકમ થયો હશે તે માણસને એ તપાસ દરમ્યાન સત્તાધિકારીને યોગ્ય લાગે તે વખતે બોલાવી ને તેની સામેના આરોપ વિષે તેને કાંઈ પણ કહેવાનું હોય તે સાંભળશે; પણ આમ કરતાં સત્તાધિકારીએ તે શખ્સને એવી

એક વાત નહીં કરવી કે જે કરતાં જાહેર સુલેહની અથવા તો કોઈ માણસની સહીસલામતી જોખમમાં આવે. વળી આવી તપાસ દરમ્યાન સ્થાનિક સરકાર તરફથી અથવા તો સદરહુ શખ્સ તરફથી કોઈ વકીલ હાજર રહી શકશે નહીં.

કેસની હકીકત તારવી કાઢવાને સારૂ સદરહુ સત્તાધિકારીને જે રીતે તપાસ કરવી સરસ લાગે તે રીત ઉપયોગમાં લેવાને તે મુખત્યાર છે; અને તપાસ ચલાવતી વેળાએ પુરાવાના કાયદાની કલમોનો અમલ કરવા તે બંધાયલો નથી.

તપાસ પુરી થયા પછી તેણે પોતાનો નિરણય સ્થાનિક સરકારને જણાવવો.

૮

મજકુર શખ્સ ઉપર જે મુદતને સારૂ દબાઈ હુકમ થયો હોય તે મુદત વીતી જાય ત્યાં સુધીમાં જો સત્તાધિકારીએ પોતાની તપાસ પુરી ન કરી હોય તો સ્થાનિક સરકાર દબાઈ હુકમની મુદત વધારવાની તે સત્તાધિકારીની સલામણ ઉપરથી તે મુદત વધારી શકે છે.

કલમ ૨૬:

સત્તાધિકારીનો રિપોર્ટ મળ્યા પછી સ્થાનિક સરકાર પોતે કરેલો દબાઈ હુકમ રદ કરી શકે છે, અથવા તો પોતાને મળેલી સત્તાની રૂએ બીજો જે હુકમ કરવો હોય તે કરી શકે છે. આવા નવા હુકમની અંદર મજકુર સત્તાધિકારીનો નિરણય બતાવવો પડશે, અને નવા હુકમની નકલ મજકુર શખ્સને આપવી પડશે.

સ્થાનિક સરકારે કરેલો હુકમ એક વરસ કરતાં વધારે મુદત સુધી નહીં ચાલી શકે; પણ જો કોમી સહીસલામતીને સારૂ જરૂરનું જણાય તો હુકમની મુદત રદ થતાં તે બીજા હુકમ કાઢી શકે છે.

આ પ્રમાણે થયેલો હુકમ તેની તારીખથી એક વરસથી વધારે સુધી ન ચાલી શકે પણ તે પુરો થતાં સ્થાનિક સરકાર ફરી પાછો એક વરસ સુધી તેને તાજો કરી શકે છે. વળી આમ થયેલો હુકમ સ્થાનિક સરકાર ગમે ત્યારે રદ કરી શકે છે, તેમાં ફેરફાર કરી શકે છે, અથવા તેને બદલે બીજો હુકમ કાઢી શકે છે, અને તેમ કરતાં ઉપર બતાવેલ સત્તાધિકારીની પાસે ફરી તપાસ કરવાની જરૂર નહીં ગણાય.

[ટીકા—આનો અરથ એમ થયો કે સ્થાનિક સરકાર સ્વેચ્છાએ ગમે તેવા હુકમ કાઢી શકે છે, અને નામના સત્તાધિકારી પણ કશા કામના નથી.]

કલમ ૨૭:

ઉપર મુજબ થયેલા હુકમોનો જે અનાદર કરશે તે માણસને વધારેમાં વધારે છ મહિનાની જેલ મળશે, અથવા તો તેને ૧૦૦૦ રૂપિયા સુધી દંડ થશે; અથવા તો બંને સજા મળશે.

કલમ ૨૯:

તપાસ કરનારી સત્તામાં ત્રણ જમેસદારોની નામણુંક હોવી જોઈએ; તેમાંનો એક ડિસ્ટ્રીક્ટ અથવા સેશન્સ જડજથી નીચા હોદ્દાનો નહીં એવો માણસ હોવો જોઈએ; અને એક સરકારી નોકરીની બહારનો માણસ હોવો જોઈએ.

કલમ ૩૦:

જે માણસની ઉપર દબાઈ હુકમ થયા હશે તેવા માણસોની નીમેલે વખતે મુલાકાત લેવાને સારૂ સ્થાનિક સરકારે મુલાકાત કમિટીઓ નીમવી, અને તે, કમિટીની સત્તા વિગેરે વિષે ધારાઓ ઘડશે.

## ભાગ ત્રીજો.

કલમ ૩૨:

જો ગવરનર-જનરલની કાઉન્સિલને એમ જણાય કે કોમી સહીસલામતી જોખમમાં આવી પડે એટલે દરજ્જે અમુક ગુન્હાઓ હાલમાં કે તેનો કોઈ પણ વિભાગમાં થાય છે તો તેવા વિભાગને તે અમુક સરકારી ગેઝેટમાં જાહેરનામું કાઢીને આ ભાગ લાગુ પાડી શકે છે.

કલમ ૩૩:

જ્યારે સ્થાનિક સરકારને એમ જણાય કે કોઈ માણસ, કોઈ વિભાગમાં અમુક ગુન્હાઓમાં ભાગ લે છે, તો તેને વિષે તે, ભાગ બીજામાં જણાવેલા હુકમો કરી શકે છે, અને તે ઉપરાંત

(ક) એવા કોઈ પણ શખ્સને વગર વોરંટે પકડવાનો હુકમ કરી શકે છે;

(ખ) એવા શખ્સને અમુક જગ્યામાં અમુક શરતોથી અને અમુક હાલની નીચે અટકાયત કરવાનો હુકમ કાઢી શકે છે.

(ગ) સ્થાનિક સરકારને જણાય કે આવા શખ્સના તરફથી અમુક જગ્યાનો ઉપયોગ જાહેર સહીસલામતીને જોખમમાં નાખે એવી રીતે થયો છે, થઇ રહયો છે, અથવા થવાનો છે, તો તે જગ્યાની તપાસ કરવાનો હુકમ તે કાઢી શકે છે.

મજકુર શખ્સને જ્યાં જોવામાં આવે ત્યાં ગમે તે પોલીસ અમલદાર અથવા બીજો કોઈ અમલદાર જેને હુકમ મળે તે પકડી શકે છે.

કોઈને કેદ કરવાનો અથવા કોઈ ઘરની જડતી લેવાનો હુકમ જે અમલદારને નામવામાં આવે તેણે અમલમાં મુકવાનો છે: અને તે અમલમાં મુકવાને સારૂ જે સાધનો વાપરવા જોઈએ તે એ વાપરી શકે છે.

ઉપર પ્રમાણે જે માણસને પકડવામાં આવશે તે માણસને બાદ હુકમ થતાં સુધી વધારેમાં વધારે પંદર દિવસ સુધી, પકડનાર અમલદાર અટકાયતમાં રાખી શકે છે.

કોઇ પણ જગ્યાની જડતી લેવા હુકમની રૂએ તપાસ કરનાર અમલદાર જે વસ્તુ પોતાના ધારવા પ્રમાણે જાહેર સહીસલામતીને જોખમકારક હોય અથવા તો જોખમકારક થઇ પડવાનો સંભવ છે, તે વસ્તુનો કબજો લઈ શકે છે અને તેની વ્યવસ્થા કરી શકે છે.

કલમ ૩૬:

કલમ ૩૩ની રૂએ જ્યારે કોઈ હુકમ કરવામાં આવે ત્યારે તે હુકમ જાણે ૨૧મી કલમના રૂએ જ કરવામાં આવ્યો હોય તેવી રીતે કલમ ૨૨થી કલમ ૨૬ સુધીના ઠરાવો પ્રમાણે કામ લેવામાં આવશે.

[ટીકા:—કલમ ૨૨થી ૨૬ના ટીકા જુઓ]

કલમ ૩૭:

હરકોઈ શખસ ભાગ ત્રીજા પ્રમાણે થએલા હુકમોનો અનાદર કરશે તેને એક વરસ સુધીની જેલ મળશે અથવા તેને દંડ કરવામાં આવશે અથવા બંને સજાઓ મળશે.

## ભાગ ૪ થો

ડિફેન્સ ઓફ ઇન્ડિઆ એક્ટ રદ થતાં જેઓને કલમ ૩ની રૂએ કેદમાં રાખવામાં આવ્યા હશે અને જેઓ સ્થાનિક સરકારની માન્યતા પ્રમાણે અમુક ગુન્હાઓની સાથે સંબંધ રાખતા જણાશે અથવા તો જેઓ બંગાળના સને ૧૮૧૮ના 'સ્ટેટ પ્રીઝનરસ રેગ્યુલેશન'ની રૂએ કેદમાં હશે તેવા માણસ મજકુર ભાગ ત્રીજાના શરત પ્રમાણે કેદમાં છે એમ ગણવામાં આવશે.

## ભાગ ૫ મો.

જે કંઈ હુકમ આ કાયદાની રૂએ કરવામાં આવશે તેની વચ્ચે કોઈ કોરટ નથી પડી શકતી; અને જે માણસે શુદ્ધ ઇરાદાથી આ કાયદાની રૂએ 'કંઈ પણ કરેલું હશે અથવા કરવા ધારયું હશે તેની સામે કોઈ પણ પ્રકારનો દાવો કે ફોજદારી કે કંઈ કાયદેસર કામ ચાલશે નહીં.

આ કાયદાની રૂએ આપેલી બધી સત્તા એ બીજા કાયદાની રૂએ અપાએલી સત્તાની ઉપરાંત સમજવાની છે.

અપુરું.

---

## ટરાંસવાલ કોળી હીતવરધક મંડળ

ઉપરોકત મંડળની એક જાહેર સભા ના. ૨૮મી મે ૧૯૧૯ને વાર રવીએ બપોરના બે વાગે, ફોક્સ સ્ટ્રીટપર આવેલા ગોલ્ડબરગ બાયોસ્કોપ હોલમાં મંડળની વારષીક ચુંટણી તેમજ પરચુરણ કામકાજ માટે મળશે. જે વેળાએ સરવે જ્ઞાતીબંધુઓને નીયમસર પધારવા વીનતી કરવામાં આવે છે.

લી: જેરામભાઇ પરસુભાઇ

તા. ૨૧-૫-૧૯૧૯ મંત્રી

મી. શેખ મહેતાબે બનાવેલું અંતઃકરણને પીગળાવનારૂં નીચેનું ગાયન ગયા રવીવારની ખાસ મીટીંગમાં ગવાયું હતું.

# ' ૧૮૫૭કે બાદ હીંદજાગા હય નીંદસે આજ '

શેર

અફસોસ ક્યા ડરબનમેં, ઈતનેહી જવાંમરદ કરદેમ'દ હુંયે,
ક્યા દુસરેકુ નહિ ખબરકે, આજ કાસ મુસીબતમેં અપેના હિંદ હય.
હવના હોતેથી નહિ જેગોશ સે, છતેછ ખાઇ જીયેગા,
અગર અપના તેલ નીકાલનેકુ, લીયે, ધાનીમેં ડાલ પીલેગા.
આજ હિંદમેં ઈન્સાનકે લીયે, બરદન કટા જાનો માલ લુટાતે હયં,
અઉર તુમ મીટીંગમેં આનેકે બદલ, હેંયા મહેન ઘરમે સોકે હય.
જરા સુનો ગોલ્ટલોકી ટ્રાંસવાલમેં'ભી, છુરી ગલે ચલતી હય,
ઈસલીયે રઈયત બીચારી લાચાર હો, કલકલાટ કર કલકલતી હય.
ડરબનમેં'ભી મ્યુનીસીપાલ વોટીંગપે, ધડાધડ ધાડ પડતી હય,
જઈસી આસમાન પર બાદલ ગરજ, કડાકડ બીજલી કડકતી હય;
હીંદીયોંકે પગાર બઢાનેમેં'ભી, બખીલાઈ બતા નૌહાક સતાતે હય,
અઈસે મેં'ધે વખ્તમે ભી, ગરીબોંકી ગેરીબાઈપે, રહેમ નહિ લાતે હય.
અગર હિંદમેં તો રાઉલેટ બીલને ધુમ મચો, ખુનકી નદીયાં બહાઈ હય,
ઔર અપને ગલેકે હાર, નાલેકે પ્રાણોંકી ગરદનપે, સમશેર ચલાઈ હય.
ક્યા ચુડી પહેન બેઠે હો ઉઠો જરા, બડી સરકારકુ ગફલતસે બેદાર કરો,
કે સલ્તનત નીભાના હોવેતો; ખુદાકે ખોફસે આજ જરા બીચાર કરો.

ગાયન

અઠારા સો સતાવનકે બાદ, હિંદ જાગા હય નિંદમે આજ,
ગાંધી નહિ રહેતા અમદાવાદ, તો રાઉલેટ બીલકા હોતા રાજ. અ.
રાઉલેટ બીલને બંદુક તાપકી, બરસાઇ બરતાદ,
એરોપ્લેનસે બોંબ છોડ કર. શાહી કીયા બરબાદ;
દગા નહિ હોવે સગા દવેઆજ, હિંદ જાગા હય નીંદસે આજ. અ.
ઈનવેસ્ટીગેશન ઓથોરીટીકુ. ડાલો સુલેમેં ફાડ,
યાતો ડક લેટરકી બાકસમેં, દફનાદો દે બધાર,
તો સુખસે કરો હિંદપે રાજ, હિંદ જાગા હય નિંદસે આજ. અ.
કલામે પલકે નકારે ખુદા હય, ઉસીકુ બંદેકા સલામ,
રાક્ષસી બીલકુ સત્યાગ્રહીયોંકે, દુરહીસે રામરામ,
સેલકા બેઠી બદે નવાજ, હિંદ જાગા હય નિંદસે આજ. અ.
જુલમી બીલાંકી નીશા ચડાકર દીવાને હર ડાલે,
નહિ માલુમકે અબ ગાંધીકે, પડે હો તુમ પાલે,
ઉતારે વાઇસરોયકી પતરાજ, હિંદ જાગા હય નીંદસે આજ. અ.
બદોબ દિનોસે હિંદુસ્તાનમેં, ચલતાથા અંધેર,
મહેતાબ રાઉલેટ બીલકા બનાઓ, નીકલે તો હો ખેર,
બેચલા, બીલકો કૌન મહારાજ, હિંદ જાગા હય નીંદસે આજ. અ.

## અઠવાડીક પંચાંગ

| | ખ્રીસ્તી ૧૯૧૯ મે | હીંદુ ૧૯૭૫ વેશાખ | મુસલમાન ૧૩૩૭ શાબાન | પારસી ૧૨૮૮ | સુર્યોદય ક. મી. | સુર્યાસ્ત ક. મી. |
|---|---|---|---|---|---|---|
| શુક્ર | ૨ | સુદ ૨ | ૨ | ૨૪ | ૬ ૨૯ | ૫ ૨૬ |
| શની | ૩ | ,, ૪ | [illegible] | ૨૫ | ૬ ૩૦ | ૫ ૨૪ |
| રવી | ૪ | ,, ૫ | ૩ | ૨૬ | ૬ ૩૦ | ૫ ૨૩ |
| સોમ | ૫ | ,, ૬ | ૪ | ૨૭ | ૬-૩૧ | ૫ ૨૨ |
| મંગળ | ૬ | ,, ૭ | ૫ | ૨૮ | ૬-૩૨ | ૫ ૨૦ |
| બુધ | ૭ | ,, ૮ | ૬ | ૨૯ | ૬-૩૨ | ૫ ૨૦ |
| ગુરૂ | ૮ | ,, ૯ | ૭ | ૩૦ | ૬-૩૩ | ૫-[illegible] |

# FOR SALE

## "Indian Opinion" Supplements

We have the following supplements on art paper for sale at one shilling per dozen, post free :—

The Hon. Dadabhai Naoroji, Mr V. A. Chettiar (Chairman Tamil Benefit Society of Johannesburg), Mr. Budree (Vice-President of the Transvaal Indian Association), The Late Mr. Narayansamy, South African Indian Stretcher-Bearer Company, Hon. Mr. Gokhale's visit, taken at Heidelburg station, Mr. L. Hans Raj B.A. (Hon. Principal D. A. V. College, President Lahore Arya Samaj), Mr. Imam Abdul Kadir Bawazeer, Mr. Omar Haji Amod Johari, Mr Joseph Royeppen B.A. (A Natal born Graduate Passive Resister), Mr. Royeppen (A Barrister Hawker), Indian Volunteer Stretcher-Bearer Corps, Three Transvaal ladies as passive resisters (Mrs. Sivprasad, Miss Minnatjee and Mrs. Somar), Mr. Ameeroodin Fajandar, Mrs. Sheikh Mehtab, Asiatic Ordinance (A Chess play Cartoon) India's Great Loyalty (Cartoon), The Late Sir Pherozeshah Mehta, Mr. Ratan J. Tata, Mrs. R. M. Sodha, Sir William Wedderburn, Bt., Pioneer Settlers of Tolstoy Farm, The Late Count Leo Tolstoy, The Late Rev. Joseph J. Doke, The Late Mr. S. Nagappan, The Right Hon. Lord Ampthill, G.C.I.E., The Triumphal Arch outside Park Station (Mr. Gokhale's Visit), Shri Sanyasi Swami Shankeranand, Mr. Sorabji Shapurji of Adajan, Hanifa Bibi, H. H. The Amir of Afghanistan, Mr. Kallenbach, Mr. Kallenbach as seen walking from the Tolstoy Farm to Johannesburg, Mr. Henry S. L. Polak, Picnic Party at Tolstoy Farm, The Late Mr. M. H. Nazar, Shri Gopal Lal Hindu Temple Verulam, The Late Miss Valliamah Moodaliar, Sons of the Empire (Indian Soldiers), The 60 Indians Deported to India by the Transvaal Government, The Indian Monument in Johannesburg, The Late Mr. Hajee Hoosen Dawad, Indian Merchants who suffered imprisonment at Standerton, Babu Rabindranath Tagore, The late Hon. G. K. Gokhale, C.I.E., Right Hon. Syed Ameer Ali, C.I.E., Sir Benjamin Robertson and Staff, Some of the Addresses presented to The Hon. Mr. Gokhale, Vrededorp Properties, The Late Mr. Abdoola Hadji Adam, Indian Strikers in Durban, (Three Pictures).

शी. पें.

बंकिम निबन्धावली.
(श्रीयुत बाबू बंकिमचन्द्र के साहित्य, धर्म, समाज और मनोरंजक निबंधोंका अनुवाद.) १ ८

स्वदेश.
(श्रीयुक्त बाबू रवीन्द्रनाथ ठाकुरके निबन्धोंका अनुवाद.) १ ५

स्वामी विवेकानन्द.
(श्रीयुत बलवन्त कोल्हटकरके लिखे मराठी नाटकका अनुवाद.) १ ३

शान्ति-कुटीर.
(श्रीयुक्त बाबू अविनाशचन्द्रदासके 'पलाशवन' नामक ग्रन्थका अनुवाद.) १ ८

प्रायश्चित्त.
(बेलजियमके सुप्रसिद्ध कवि मारिस मेटरलिंकके 'सिस्टर बीट्रस' नाटकका मर्मानुवाद) १ ६

स्वदेशाभिमान.
(पं० विनायक कोंडदेव ओककी मराठी पुस्तकका अनुवाद.) ० ६

आरोग्य दिग्दर्शन.
(एम के. गांधी के "आरोग्य विषे सामान्य ज्ञान" नामक गुजराती पुस्तकका अनुवाद.) १ ६

चौबेका चिट्ठा.
(स्वर्गीय बाबू बंकिमचन्द्र 'कमलाकान्तेर दफ्तर' का अनुवाद). १ ८

गुरु-शिष्य-सम्वाद.

वैवाह शास्त्र

# વેચવાના ગુજરાતી પુસ્તકો

| | શી. | પે. |
|---|---|---|
| પ્રભુમય જીવન | ૧ | ૬ |
| હીંદી લેખમાળા | ૧ | ૬ |
| લઘુ લેખસંગ્રહ | ૧ | ૬ |
| સામાજીક સેવાના સન્મારગ | ૧ | ૬ |
| નવલકથા સંગ્રહ ભા. ૧ | ૦ | ૯ |
| દુઃખમાં વિલાસ્યાસ | ૦ | ૯ |
| નામદાર શહેનશાહ અને શહેનશાહ બાનુ | ૦ | ૬ |
| સ્વામી રામતીરથ ભા. ૪ | ૧ | ૦ |
| ,, ,, ૫ મો | ૧ | ૦ |
| ,, ,, ૬ ઠો | ૧ | ૯ |
| ,, ,, ૭ | ૧ | ૬ |
| ,, ,, ૮–૯ | ૨ | ૩ |
| ટુંકી વારતાઓ ભાગ ૧ લો | ૧ | ૩ |
| ,, ,, ,, ૨ જો | ૧ | ૧૦ |
| ,, ,, ,, ૩ જો. | ૧ | ૩ |
| ,, ,, ,, ૪ થો | ૧ | ૭ |
| વીર દુરગાદાસ | ૧ | ૬ |
| નવા યુગની વારતા ભાગ ૨ જો | ૦ | ૯ |
| ભારતના વીર પુરૂષો ભાગ ૧ લો | ૧ | ૧૦ |
| ભારતના સંત પુરૂષો | ૧ | ૭ |
| જગવિખ્યાત પુરૂષો ભાગ ૧ લો | ૧ | ૦ |
| ,, ,, ૨ જો | ૧ | ૧૦ |
| કરમ યોગ | ૧ | ૯ |
| મોક્ષમાળા | ૧ | ૯ |
| રાજ જયની વ્યાખ્યાનો | ૧ | ૯ |
| પહેલી ચોપડી | ૧ | ૩ |
| બાળ ગણિત | ૧ | ૦ |
| તુલસીદાસની સાખી | ૧ | ૯ |
| સત્યાગ્રહ | ૦ | ૬ |
| કૃપા ગુચ્છ | ૦ | ૯ |
| રાજસ્થાનનો ઈતિહાસ | ૭ | ૬ |
| રાસ કોષ | ૪ | ૦ |
| મારો જેલનો અનુભવ | ૦ | ૬ |
| ,, ૨ જો ,, | ૦ | ૯ |
| ,, ૩ જો ,, | ૦ | ૬ |
| ગીરનાર મહાતમ | ૪ | ૦ |
| ધરમ બિંદુ | ૫ | ૦ |
| પરમારથ સાર | ૦ | ૯ |
| હીંદની હાલત | ૧ | ૬ |
| સ્વામી શિસ્ય સંવાદ | ૦ | ૬ |
| કાવ્ય દોહન ભાગ ૩ જો | ૬ | ૩ |
| ,, ૬ ઠો | ૬ | ૬ |
| ,, ૭ મો | ૮ | ૩ |
| જીવનરાગ પ્રકાશ | ૧ | ૧ |
| ભારતના મહાન પુરૂષો | ૧ | ૧૦ |
| ,, ,, ,, ભાગ ૨ લો | ૧ | ૬ |
| બુકર ટી. વોશીંગટન | ૧ | ૦ |
| ભારતના સ્ત્રી રત્નો ભા. ગ્રંથ ૩ જો | ૨ | ૯ |
| નવસહીતા | ૧ | ૧ |
| છોટાલાલ પદબોધીની | ૦ | ૬ |
| કાશ્મીરનો પ્રવાસ | ૧ | ૩ |
| હીંદ સ્વરાજ | ૧ | ૩ |
| દેશભક્ત ગોપાલ કૃષ્ણ ગોખલે અને | | |
| ગાંમીટના મવાલ ઉપરની ચર્ચા | ૧ | ૧ |
| કાયદા સામે શાની ફરજ | | ૬ |
| ધ્યાન દિપિકા | ૨ | ૧૦ |
| સમ્યગદરશન | ૧ | ૯ |
| અખાની વાણી ભાગ ૧ લો | ૧ | |
| સ્વામી વિવેકાનંદ ભાગ ૧ | ૧ | ૬ |
| ,, ,, ભાગ ૨ | ૨ | ૩ |
| સ્વામી વિવેકાનંદના પત્રો | ૧ | ૩ |
| રામાયણનું રહસ્ય | ૧ | ૧ |
| અર્વાચીન શાસ્ત્રો અને શાસ્ત્રિય વિચાર | ૧ | ૬ |
| મૃત્યુક મારગઃ સુંદર માંડી પગથીયું ત્રીજું પરમાત્મા | ૦ | ૩ |
| વયદીક ધરમ | ૦ | ૩ |
| સીતા વનવાસ | ૧ | ૬ |
| સત્યાગ્રહનો સોનેરી અંક | ૧ | ૯ |
| થિયોડર પારકર | ૧ | ૧ |
| શ્રીમદ ભગવત ગીતા ગુજરાતી પદ્યાત્મક ભાષાંતર | ૪ | ૧૦ |
| એકાદશ સ્કંધ | ૧ | ૯ |
| અક્ષરમાળા | ૧ | ૫ |
| શ્રીમદ ભગવદગીતા પાકું પુંઠું | ૦ | ૬ |
| ,, કાચું પુંઠું | ૦ | ૯ |
| મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ વૃતાંત | ૧ | ૯ |
| પહેલી ગુજરાતી રાજકીય પરિષદના પ્રમુખ મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીનું ભાષણ | ૦ | ૧ |
| હિંદની શાળા અને પાઠશાળાઓમાં માતૃભાષાદ્વારા શિક્ષણ | ૦ | ૬ |
| સત્ય વિના બીજું કશું નથી | ૦ | ૬ |
| પુરવ અને પશ્ચિમ | ૦ | ૯ |
| જીવનદોરી | ૦ | ૯ |
| સત્યાગ્રહ' મી. મોરીસના વ્યાખ્યાનો તરજુમો | ૦ | ૬ |
| તુલસીકૃત રામાયણ બાળકાંડ (હીંદીમાં) | ૧ | ૬ |
| જસમાની ગરબી | ૦ | ૩ |
| ધારાના ભવાડા | ૦ | ૬ |
| શરીર સંપતીનો વધારો અને તેની સંભાળ | ૦ | ૬ |
| એક હિંદુ પ્રત્યે મહાન ટોલ્સટોયનો પત્ર | ૦ | ૪ |
| મનુસ કેટલી જમીનનો માલીક હોઇ શકે | ૦ | ૯ |
| બાળ ગંગાધર તીલકના મત અને વિચાર | ૦ | ૯ |
| એક સત્યવીરની કથા | ૦ | ૯ |
| મુસ્તફા કામેલપાશાનું ભાષણ | ૦ | ૯ |
| નીતીમય જીવન અને ગ્રહસ્થ ધરમ | ૨ | ૩ |
| નીતી વાકયામૃત | ૧ | ૧ |
| નીતીસાર | ૧ | ૬ |
| સાચા મોતી | ૨ | ૧૦ |
| ભારતખંડનો ઇતિહાસ | ૧ | ૯ |
| આનંદીબાઈ જોશી | ૦ | ૬ |
| શ્રીમદભગવતગીતા | ૦ | ૬ |
| આરોગ્યતા વિષે સામાન્ય જ્ઞાન ભા. ૧ | ૦ | ૯ |
| ,, ,, ભા. ૨ | ૦ | ૯ |
| જેલના કાવ્યો | ૧ | ૬ |
| મુસ્તફા કામેલપાશાનું જીવન ચરિત્ર | ૦ | ૬ |
| આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન ભા. ૧–૨ | ૧ | ૬ |
| સાચું સવર્ગ | ૨ | ૦ |
| જૈન કાવ્યદોહન | ૪ | ૪ |
| ટોલસ્ટોયની વાર્તાઓ | ૦ | ૯ |
| ગુજરાતી સંગીત રામાયણ | ૪ | ૪ |
| [illegible] | | |
| [illegible] | | |
| સર્વોદય | ૧ | |